


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 173
Dt.: 29-04-2026,
Wednesday
Page:04
Rs.00.50 paisa


### સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું ફાઈનલ પિક્ચર

# ભાજપની પ્રચંડ સુનામી, કોંગ્રેસ શૂન્ય પર આઉટ, આમ આદમી પાર્ટી પોતાનું નાક બચાવવામાં સફળ રહી

## નવરચિત તમામ ૭ મહાનગરપાલિકાઓમાં પણ કેસરિયો લહેરાયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં સત્તાની સેમિફાઈનલ ગણાતી સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં પરિણામો આવી ગયાં છે અને આ પરિણામોમાં ભાજપની પ્રચંડ સુનામી જોવા મળી છે. વિપક્ષી ગઢ ધરાવતા વિસ્તારોમાં પણ કેસરિયો લહેરાયો છે. જનતાએ 'વિકાસ' પર મહોર મારીને વિપક્ષનાં સૂપડાં સાફ કરી દીધાં છે. સત્તાની સેમિફાઈનલ ગણાતી આ ચૂંટણીમાં ભાજપે વિપક્ષને સંપૂર્ણપણે ઢેર કરી દીધો છે. ૧૫માંથી ૧૫ મહાનગરપાલિકામાં ભાજપની જીત થઈ છે. મહાનગર પાલિકાઓમાં ભાજપે ૧૦૦ ટકા પરિણામ મેળવીને ઈતિહાસ રચ્યો છે. નવરચિત તમામ ૭ મહાનગરપાલિકાઓમાં પણ કેસરિયો લહેરાયો છે, જ્યારે જૂની ૯ મનપામાં પણ ભાજપે પોતાની બેઠકો વધારીને પરફોર્મન્સમાં જબરદસ્ત સુધારો કર્યો છે.

શહેરી જનતાએ પંજા અને ઝાડુને સદંતર જાકારો આપ્યો છે. ૮૪માંથી ૭૮ નગરપાલિકાઓમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. એટલે કે, ૯૨ ટકા પાલિકાઓમાં જનતાએ વિકાસની વાત પર ભરોસો મૂક્યો છે. આ વિજય પાછળ 'દાદા, સંઘવી અને વિશ્વકર્મા'ની ત્રિપુટીનો જાદુ ચાલ્યો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સૌમ્ય ચહેરો અને વહીવટી અનુભવ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની યુવા નેતૃત્વ શક્તિ અને સંગઠન ક્ષેત્રે અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની રણનીતિએ વિપક્ષનાં તમામ ગણિતોને ઊંધાં પાડી દીધાં છે.

ગુજરાતની કુલ ૩૪માંથી ૩૩ જિલ્લા પંચાયતોમાં પણ ભગવો લહેરાયો છે, એટલે કે ૯૭ ટકા જિલ્લા પંચાયતો પર ભાજપે કબજો કરી લીધો છે. ફરી એકવાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે સાબિત કર્યું છે કે જનતા માત્ર અને માત્ર વિકાસની રાજનીતિની સાથે છે. શહેરી અને ગ્રામ્ય જનતાએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને જાકારો આપતાં વિપક્ષના નેતાઓના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. ચૂંટણીના આ પરિણામો સ્પષ્ટ કરે છે કે આગામી વિધાનસભાની લડાઈમાં પણ ભાજપ પ્રચંડ તાકાત સાથે મેદાનમાં ઉતરશે અને વિપક્ષને ઓલઆઉટ કરવાના ઈરાદા સાથે જનતા વચ્ચે જઈને પ્રચાર કરશે. જનતાએ આપેલો આ જનાદેશ વિપક્ષ માટે આત્મમંથનનો વિષય છે, જ્યારે ભાજપ માટે આ ઉજવણીનો અવસર છે.સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોથી વિપક્ષી છાવણીમાં સન્નાટો છવાઈ ગયો છે. ગુજરાતના રાજકારણમાં દાયકાઓ સુધી વર્ચસ્વ રાખનારી કોંગ્રેસ માટે છેલ્લા ત્રીસ દાયકાથી શરૂ થયેલી પડતી આ ચૂંટણીમાં પતનના સંકેત તરફ આગળ વધી છે. મહાનગરપાલિકા હોય કે નગરપાલિકા,,, તાલુકા પંચાયત હોય કે જિલ્લા પંચાયતોનું પરિણામ, કોંગ્રેસનાં સૂપડાં સાફ થઈ ગયાં છે. સ્થિતિ એવી છે કે અનેક જગ્યાએ કોંગ્રેસ શૂન્ય પર આઉટ થઈ ગઈ છે.

રાજ્યની ૧૫ મહાનગર પાલિકાઓમાંથી કોંગ્રેસ એકપણ મનપા જીતી શકી નથી. ગાંધીબાપુની જન્મભૂમિ ગણાતા પોરબંદરની મહાનગરપાલિકામાં કોંગ્રેસનો સફાયો થઈ ગયો છે, પોરબંદર મનપામાં કોંગ્રેસને એકપણ સીટ મળી નથી. મોરબી મહાનગરપાલિકામાં પણ કોંગ્રેસને ઝીરો સીટ મળી છે. સુરેન્દ્રનગર મનપામાં આખા પક્ષને માત્ર ૧ સીટ મળી છે. એટલે કે, શહેરી વિસ્તાર હોય કે ગ્રામીણ પટ્ટો, જનતાએ પંજાનો સાથ સદંતર છોડી દીધો છે. ૮૪માંથી માત્ર ૬ પાલિકા જ કોંગ્રેસ જીતી શકી છે, એટલે કે માત્ર ૮ ટકા નગરપાલિકામાં જ પંજાનો પ્રભાવ રહ્યો છે.ગુજરાતની ૩૪ જિલ્લા પંચાયતોમાંથી કોંગ્રેસને એકપણ પંચાયત મળી નથી. શૂન્ય ટકા પર્ફોર્મન્સ સાથે કોંગ્રેસ હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. કોંગ્રેસ કરતાં તો આમ આદમી પાર્ટી પોતાનું નાક બચાવવામાં સફળ રહી છે. ૩૪માંથી એક નર્મદા જિલ્લા પંચાયત કબજે કરીને આમ આદમી પાર્ટીએ કોંગ્રેસને કરારો ઝટકો આપ્યો છે.

વિપક્ષ તરીકે પોતાની ઓળખ બચાવવા મથતી કોંગ્રેસ માટે આ પરિણામો આત્મમંથન નહીં પણ અસ્તિત્વની લડાઈ બની ગઈ છે. જનતાએ કોંગ્રેસની નકારાત્મક રાજનીતિને નકારીને તેમને ઘરભેગા કરી દીધા છે. આમ આદમી પાર્ટી હવે કોંગ્રેસની જગ્યા લઈ રહી હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે. સૌથી મોટો સવાલ એ છે કે, શું આ હાર સાથે ગુજરાતમાં કોંગ્રેસના યુગનો અંત થઈ રહ્યો છે? તે એક મોટો પ્રશ્ન છે. જનતાએ પંજા અને ઝાડુ બંનેને જાકારો આપીને ભાજપના શાસન પર મહોર મારી છે, પરંતુ કોંગ્રેસ માટે આ પરિણામો ખરેખર ચિંતાજનક છે.

# અમેરિકાનો વિરોધ નિષ્ફળ: UNમાં ઈરાનને મળી મોટી જવાબદારી, પરમાણુ મુદ્દે જામ્યું વાકયુદ્ધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંયુક્ત રાષ્ટ્રમાં સોમવારે પરમાણુ કાર્યક્રમ અને પરમાણુ અપ્રસાર સંધિ (NPT) મામલે ઈરાન અને અમેરિકાના અધિકારીઓ સામસામે આવી ગયા હતા. તેહરાનના પરમાણુ કાર્યક્રમ અને NPT સમીક્ષા સંમેલનના ઉપાધ્યક્ષ તરીકે ઈરાનની પસંદગી થતા અમેરિકાએ આકરો વિરોધ નોંધાવ્યો હતો. જેના કારણે બંને પક્ષો વચ્ચે તીખી શાબ્દિક ટપાટપી જોવા મળી હતી. અમેરિકી હથિયાર નિયંત્રણ બ્યુરોના સહાયક સચિવ ક્રિસ્ટોફર યૉએ ઈરાન પર પ્રહારો કરતા કહ્યું કે, ઈરાને પોતાની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, ઈરાન આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) ને સહયોગ આપવામાં નિષ્ફળ રહ્યું છે. આવા મહત્વના પદ પર ઈરાનની નિમણૂક કરવી એ એક અપમાન સમાન છે. અમેરિકાના દાવાઓને પાયાવિહોણા ગણાવતા IAEA માં ઈરાનના રાજદૂત રેઝા નજફીએ વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે, અમેરિકાના આક્ષેપો રાજકીય રીતે પ્રેરિત છે. પરમાણુ હથિયારોનો ઉપયોગ કરનાર દુનિયાનો એકમાત્ર દેશ હોવાને નાતે, અમેરિકાએ બીજા દેશો પર ચુકાદો આપવો જોઈએ નહીં. આ વિવાદ વચ્ચે ઈરાને અમેરિકા સામે એક શરત મૂકી છે કે જો તેના પરના આર્થિક પ્રતિબંધો હટાવી લેવામાં આવે, તો તે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા તૈયાર છે. આ મામલે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, કોઈ પણ હિંસક સંઘર્ષનો સૈન્ય ઉકેલ હોઈ શકે નહીં. માત્ર શાંતિ વાર્તા અને વાતચીત દ્વારા જ આ જટિલ સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. નોંધનીય છે કે ૧૯૮૦ થી ઈરાન અને અમેરિકા વચ્ચે કોઈ પણ પ્રકારના સીધા રાજદ્વારી સંબંધો નથી. બંને દેશો એકબીજા સાથે વાત કરવા માટે સંયુક્ત રાષ્ટ્રના મંચનો ઉપયોગ કરે છે. ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને હંમેશા શાંતિપૂર્ણ ગણાવતું આવ્યું છે, જ્યારે અમેરિકાને શંકા છે કે તેહરાન ગુપ્ત રીતે પરમાણુ હથિયારો વિકસાવી રહ્યું છે.

# પંજાબના પટિયાલામાં રેલવે ટ્રેક પર પ્રચંડ બ્લાસ્ટ, એક યુવકની લાશ મળી, તંત્રમાં દોડધામ

(સંપૂર્ણ સમાચાર સેવા)પટિયાલા

પંજાબના પટિયાલામાં સોમવારે મોડી રાત્રે શંભૂ-અંબાલા રેલ ટ્રેક પાસે થયેલા એક શક્તિશાળી ધડાકાએ સુરક્ષા એજન્સીઓને દોડતી કરી દીધી છે. રાત્રે અંદાજે ૧૦ વાગ્યે માલગાડીઓ માટેના અનામત ટ્રેક પાસે આ વિસ્ફોટ થયો હતો, જેમાં રેલવે ટ્રેકને નુકસાન પહોંચ્યું છે.

ઘટનાની ગંભીરતા જોતા પટિયાલાના એસએસપી વરૂણ શર્મા સહિતના ઉચ્ચ અધિકારીઓ, જીઆરપી અને આરપીએફની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ એક ઓછી તીવ્રતાનો બ્લાસ્ટ હતો, જેની ફોરેન્સિક ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

આ ઘટનામાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, જે જગ્યાએ ધડાકો થયો હતો તેની નજીકથી જ એક અજ્ઞાત વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. જોકે, આ વ્યક્તિનું મોત ધડાકાને કારણે થયું છે કે અન્ય કોઈ કારણોસર, તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

પોલીસ અત્યારે આ મૃતદેહ અને ધડાકા વચ્ચેના સંબંધની તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ જાન્યુઆરીમાં પણ ફતેહગઢ સાહિબ જિલ્લાના સરહિંદમાં ળેટ કોરિડોરના ટ્રેક પર આવો જ એક વિસ્ફોટ થયો હતો, જેમાં ટ્રેનનું એન્જિન ક્ષતિગ્રસ્ત થયું હતું.

રેલવે ટ્રેક પર વારંવાર થઈ રહેલા આવા ધડાકાઓને કારણે સુરક્ષા વ્યવસ્થા સામે અનેક સવાલો ઊભા થયા છે.

### ડ્રાઈવર વગર દોડશે 'ઈવા કેબ'

# ચીનની કંપનીએ રજૂ કરી સ્ટીયરિંગ વ્હીલ વગરની અદ્યતન રોબોટેક્સી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિશ્વભરમાં જ્યારે ડ્રાઈવરલેસ ટેકનોલોજી પર સંશોધનો થઈ રહ્યા છે, ત્યારે ચીની ઓટોમેકર ગીલી (Geely) એ પોતાની અત્યંત અદ્યતન રોબોટેક્સીનો પ્રોટોટાઈપ રજૂ કરીને દુનિયાને ચોંકાવી દીધી છે. આ વાહન માત્ર એક કાર નથી, પરંતુ આધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને એન્જિનિયરિંગનો અદભૂત સમન્વય છે, જે ભવિષ્યમાં શહેરી પરિવહનનું ચિત્ર બદલી શકે છે. સામાન્ય રીતે ઘણી કંપનીઓ અસ્તિત્વ ધરાવતી કારમાં સેન્સર્સ લગાવીને તેને ઓટોમેટિક બનાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ ગીલીની આ 'ઈવા કેબ' ની ખાસિયત એ છે કે તેને શરૂઆતથી જ ડ્રાઈવરલેસ વાહન તરીકે ડિઝાઈન કરવામાં આવી છે. આ કારમાં સ્ટીયરિંગ વ્હીલ કે પરંપરાગત ડ્રાઈવિંગ કંટ્રોલ સિસ્ટમની કોઈ જરૂર નથી, જેના કારણે અંદર બેસનારા મુસાફરોને વધુ જગ્યા અને આરામ મળે છે.

ઈવા કેબમાં લગાવેલી છૈં સિસ્ટમ હકીકતમાં વાહનનું મગજ છે. તે રસ્તા પર ક્યારે વળવું, ક્યારે બ્રેક મારવી અને ટ્રાફિકના જટિલ સંજોગોમાં કેવી રીતે માર્ગ કાઢવો તે જાતે નક્કી કરે છે. કંપનીના દાવા મુજબ, આ સિસ્ટમ મનુષ્ય કરતા ત્રણ ગણી ઝડપથી નિર્ણય લેવાની ક્ષમતા ધરાવે છે. પરીક્ષણ દરમિયાન, આ કારે સાંકડી ગલીઓ, વ્યસ્ત ટ્રાફિક અને યુ-ટર્ન જેવી મુશ્કેલ પરિસ્થિતિઓમાં ૯૫ ટકા સફળતા મેળવીને પોતાની ક્ષમતા સાબિત કરી છે.

૪૩ સેન્સર અને ૩૬૦-ડિગ્રી સુરક્ષા કવચ:આ રોબોટેક્સી કુલ ૪૩ અદ્યતન સેન્સર અને હાઈ-રિઝોલ્યુશન કેમેરા થી સજ્જ છે. આ સેન્સર્સ કારને ૩૬૦-ડિગ્રીનું સંપૂર્ણ વિઝન આપે છે, જેનાથી તે રસ્તા પર ચાલતા રાહદારીઓ, સાયકલ સવારો અને અન્ય વાહનોને પળવારમાં ઓળખી લે છે. આ સેન્સર્સની મદદથી કાર એવા રસ્તાઓ પર પણ સરળતાથી ચાલી શકે છે જ્યાં ટ્રાફિકના સ્પષ્ટ નિશાન કે સાઈનબોર્ડ ન હોય.

સુરક્ષા માટે ડિજિટલ ચેસિસ ટેકનોલોજી:સલામતીના મામલે આ વાહન અદ્વિતીય છે. તેમાં ડિજિટલ ચેસિસ નામની ટેકનોલોજીનો ઉપયોગ થયો છે, જે માત્ર ૪ મિલિસેકન્ડ માં પ્રતિક્રિયા આપે છે. જો અચાનક રસ્તા પર કોઈ અડચણ આવે, તો કાર માનવીય પલકારો ઝપકે તે પહેલા બ્રેક મારી દે છે અથવા વળાંક લઈને અકસ્માત ટાળે છે. આ ઉપરાંત, તેમાં મલ્ટી-લેયર સિક્યુરિટી સિસ્ટમ છે, જે સુનિશ્ચિત કરે છે કે જો કોઈ એક ટેકનિકલ સિસ્ટમ ફેઈલ થાય, તો પણ બીજી સિસ્ટમ વાહનને સુરક્ષિત રીતે અટકાવી શકે.

### લિબિયામાં મોટી સફળતા

# જમીનમાં ૮૪૪૦ ફૂટ નીચે ભારતીય કંપનીને મળ્યો ઓઈલ અને ગેસનો ભંડાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના ઊર્જા ક્ષેત્ર માટે સારા સમાચાર મળ્યા છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સોશિયલ મીડિયા પર માહિતી આપી છે કે, આફ્રિકન દેશ લિબિયામાં ભારતીય કંપનીઓને ક્રૂડ ઓઈલ અને ગેસનો નવો ભંડાર મળ્યો છે. આ મહત્ત્વની શોધ લિબિયાના ગદામસ બેસિન વિસ્તારમાં થઈ છે. આ પ્રોજેક્ટમાં ભારતની જાણીતી કંપનીઓ 'ઓઈલ ઈન્ડિયા લિમિટેડ' અને 'ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ' ભાગીદાર તરીકે કામ કરી રહી છે, જ્યારે અલ્જેરિયાની કંપની સિપેક્સ આ પ્રોજેક્ટનું સંચાલન કરી રહી છે.

આ પ્રોજેક્ટ હેઠળ અંદાજે ૮૪૪૦ ફૂટની ઊંડાઈ સુધી ખોદકામ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ કૂવામાંથી દરરોજ ૧૩ મિલિયન ક્યુબિક ફૂટ ગેસ અને ૩૨૭ બેરલ કન્ડેન્સેટ(ઓઈલ જેવું પ્રવાહી) મેળવી શકાશે. મંત્રાલયે આ સિદ્ધિને ભારતીય ઊર્જા કંપનીઓના વૈશ્વિક સ્તરે વધી રહેલા પ્રભાવના ઉદાહરણ તરીકે ગણાવી છે. આ નવી શોધને કારણે ભારતની ઊર્જા સુરક્ષા વધુ મજબૂત થશે અને ભવિષ્યમાં દેશની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ મળશે. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ પણ આ મોટી સફળતા બદલ કંપનીઓને અભિનંદન આપ્યા છે.




# તંત્રી લેખ......

## સંતુલન પર આધારિત વેપાર કરાર

ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરારનું અમલીકરણ ભારતની વેપાર રાજદ્વારીમાં એક મહત્વપૂર્ણ પગલું છે. તે સ્પષ્ટપણે દર્શાવે છે કે દેશ વૈશ્વિક મંચ પર વિશ્વાસપૂર્વક જોડાવા માટે તૈયાર છે. ભારત હવે વૈશ્વિક અર્થતંત્ર સાથે વધુ ઊંડાણપૂર્વક જોડાવવા આતુર છે, પરંતુ તે તેના ખેડૂતો, કામદારો, નાના ઉદ્યોગો અને વ્યૂહાત્મક ક્ષેત્રોના હિતોનું સંપૂર્ણ રક્ષણ કરવા માટે પણ પ્રતિબદ્ધ છે. આ કરાર ગયા વર્ષે માર્ચમાં શરૂ થયેલી વાટાઘાટોનું પરિણામ છે, જે ડિસેમ્બરમાં સંમત થઈ હતી અને સોમવારે તેના પર હસ્તાક્ષર થયા હતા. આ પહેલ બંને પક્ષોની આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે મજબૂત રાજકીય ઈચ્છાશક્તિના પ્રતીક તરીકે પણ ઉભરી આવી છે. આ કરાર ભારત માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે ઉચ્ચ-આવક અને વેપાર-સંકલિત બજારમાં નવી તકો ખોલે છે, પરંતુ તે ઓશનિયા અને પેસિફિક સાથે ભારતના સંબંધોમાં એક નવું પરિમાણ ઉમેરશે. હાલમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે દ્વિપક્ષીય વેપારમાં પ્રભુત્વ ધરાવે છે, જે ઈ૧.૩ બિલિયન છે, પરંતુ ન્યુઝીલેન્ડની ઈ૪૭.૫ બિલિયન આયાતમાં તેનો હિસ્સો માત્ર બે ટકા છે. અગાઉ, ભારતીય ઉત્પાદનો પર ૧૦ ટકા કસ્ટમ ડ્યુટી લાગતી હતી, પરંતુ હ્લ્છ આ સમીકરણને સંપૂર્ણપણે બદલી નાખશે.

વ્યાપક રીતે કહીએ તો, ભારત-ન્યુઝીલેન્ડ એફટીએ એક ભવિષ્યલક્ષી કરાર છે જે માલ અને સેવાઓ, તેમજ ગતિશીલતા અને નવીનતા બંનેને સંબોધિત કરે છે. ન્યુઝીલેન્ડ કાપડ, વસ્ત્રો, ચામડાની ચીજવસ્તુઓ, કાર્પેટ, ઓટોમોબાઈલ્સ અને ઘટકો પરના ઊંચા ટેરિફને દૂર કરીને, તમામ ટેરિફ લાઈનમાં ભારતીય નિકાસને મફત ઍક્સેસ પ્રદાન કરશે. બદલામાં, ભારત લગભગ ૭૦% ટેરિફ શ્રેણીઓમાં મર્યાદિત બજાર ઍક્સેસ પ્રદાન કરશે, તાત્કાલિક ૩૦% પર ટેરિફ દૂર કરશે, જ્યારે બાકીની શ્રેણીઓને તબક્કાવાર રીતે દૂર કરશે. ભારતે સ્થાનિક હિતોનું રક્ષણ કરવા માટે આ સૂચિમાંથી લગભગ ૩૦% સંવેદનશીલ ટેરિફ લાઈનને બાકાત રાખી છે.

ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોના હિતોને સંબોધિત કરીને, ડેરી ઉત્પાદનો, કઠોળ, ખાંડ, ખાદ્ય તેલ, ડુંગળી, મકાઈ અને બદામ જેવી શ્રેણીઓને રક્ષણ પૂરું પાડવામાં આવે છે. અનન્ય સુવિધાઓ આ એફટીએના આકર્ષણને વધુ વધારે છે. ઉદાહરણ તરીકે, ન્યુઝીલેન્ડ આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ બિલિયનનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ રોકાણ મુખ્યત્વે માળખાગત સુવિધાઓ, ઉત્પાદન અને નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમાં પુનઃસંતુલન જોગવાઈ પણ શામેલ છે, જે ભારતને રોકાણ લક્ષ્યો પૂર્ણ ન થાય તો ઉપચારાત્મક પગલાં લેવાની મંજૂરી આપે છે. આ પગલાથી રોજગાર, ટેકનોલોજી ટ્રાન્સફર અને સપ્લાય ચેઈન ઈન્ટિગ્રેશનને પ્રોત્સાહન મળશે, જે ન્યુઝીલેન્ડના મજબૂત વિદેશી રોકાણ પ્રોફાઈલનો લાભ લેશે. વધુમાં, ન્યુઝીલેન્ડ ભારત માટે ઓશનિયા-પેસિફિક બજારો અને સ્થાપિત વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ માટે વ્યૂહાત્મક પ્રવેશદ્વાર તરીકે સેવા આપશે. આ ભારતીય પ્રતિભા માટે પણ ખૂબ ફાયદાકારક સાબિત થશે. ભારતીય વિદ્યાર્થીઓ માટે વિઝા પર કોઈ ઉપલી મર્યાદા નથી. તેમને તેમના અભ્યાસ દરમિયાન ૨૦ કલાક કામ અને તેમના અભ્યાસ પછી ચાર વર્ષ સુધી માન્ય વિઝા આપવામાં આવશે. ન્યુઝીલેન્ડ માટે હ્લ્છ માં આ પ્રકારની પહેલી જોગવાઈ છે. નવી કામચલાઉ રોજગાર પ્રવેશ શ્રેણી આઈટી આરોગ્યસંભાળ અને એન્જિનિયરિંગ ક્ષેત્રોમાં પ્રતિભા માટે ૫,૦૦૦ વ્યાવસાયિક વિઝા પણ સુરક્ષિત કરે છે. તે આયુષ પ્રેક્ટિશનરો, યોગ પ્રશિક્ષકો, ભારતીય રસોઈયા અને સંગીત શિક્ષકો જેવા વિશિષ્ટ ક્ષેત્રો માટે ત્રણ વર્ષ સુધીના વિઝા પણ પ્રદાન કરે છે. આ પગલાંઓમાં લોકો-થી-લોકો અને વ્યવસાય-થી-વ્યવસાય સંબંધોને પરિવર્તિત કરવાની ક્ષમતા છે.

## વડોદરા જિલ્લાની ડભોઈ નગરપાલિકામાં ભાજપે ૮ વરસ બાદ સત્તા ગુમાવીઃ કોંગ્રેસનો વિજય



પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા જિલ્લાની ડભોઈ નગરપાલિકામાં છેલ્લા ૮ વરસથી એક હથ્થુ શાસન ભોગવતી ભારતીય જનતા પાર્ટીએ સત્તા ગુમાવી છે. ભાજપના કદાવર નેતા અને જોરદાર વાપસી કરીને ભાજપના સુપડા સાફ કરી નાંખ્યા છે. આ પરાજય માત્ર નગરપાલિકાની હાર નથી, પરંતુ સ્થાનિક સ્તરે ભાજપના સંગઠન અને ધારાસભ્યના વર્ચસ્વ સામે પણ મોટો સવાલ મુકે છે.

ચુંટણીના જાહેર થયેલા પરીણામો મુજબ ડભોઈ નગરપાલિકાની કુલ ૩૬ બેઠકોમાંથી કોંગ્રેસે બહુમતીનો આંકડો વટાવીને ૨૧ બેઠકો પર શાનદાર વિજય મેળવ્યો છે. તો બીજી તરફ સત્તાધારી પક્ષ ભાજપ માત્ર ૧૫ બેઠકો પર સમેટાઈ ગયુ છે. ૮ વરસના લાંબા અંતરાલ બાદ ડભોઈ નગરપાલિકા પર ફરી એકવાર પંજો મજબુત થયો છે અને કેસરીયો ફીકકો પડયો છે. ડભોઈના વોર્ડ નં. ૨ માં ભાજપના માજી પ્રમુખ બિરેન શાહ ની હાર થઈ છે. જે ભાજપ માટે મોટો ફટકો માનવામાં આવે છે, જો કે આ જ વોર્ડ માં કોંગ્રેસ માટે પણ માઠા સમાચાર રહ્યા છે. કારણ કે કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા સુભાષ ભોજવાણીએ પણ પરાજયનો સ્વાદ ચાખવો પડયો છે.

### આમ આદમી પાર્ટીને ૬ અને કોંગ્રેસને ૧ મળી

## મંત્રી કુંવરજી બાવળીયા ના મતવિસ્તારમાં ભાજપની ભવ્ય જીત : ૨૨ માં થી ૧૫ સીટ પર ભાજપ જીત્યુ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકા પંચાયતના ૨૨ બેઠકોના પરીણામોમાં ભાજપે ભવ્ય જીત નોંધાવી છે. કુલ ૨૨ બેઠકોમાંથી ભાજપના ફાળે ૧૫ બેઠકો આવી છે. જેના કારણે તાલુકા પંચાયત પર ભાજપે કબ્જો જમાવ્યો છે. આમ આદમી પાર્ટીએ પણ નોંધપાત્ર પ્રદર્શન કરતા ૬ બેઠકો જીતતા જસદણ તાલુકા પંચાયતમાં પ્રથમ વખત પોતાનુ ખાતુ ખોલ્યુ છે. જયારે કોંગ્રેસને માત્ર એક બેઠક મળી છે. ગત ટર્મમાં જસદણ તાલુકા પંચાયત પર કોંગ્રેસનુ એક હથ્થુ શાસન હતુ, પરંતુ આ વખતે રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. આઝાદી બાદ ભાજપ બીજી વખત સત્તા પર આવી છે. ૨૦૧૩ માં જસદણ અને વિછીંયા તાલુકાનુ વિભાજન થયા બાદ ૨૦૧૪ માં યોજાયેલી ચુંટણીમાં ભાજપે પ્રથમ વખત સત્તા મેળવી હતી અને હવે ફરી એકવાર ભાજપે પોતાની પકકડ મજબુત કરી છે.

વિંછીયા તાલુકા પંચાયતની ૧૮ બેઠકોમાંથી ભાજપે ૧૪ બેઠકો જીતતા પ્રથમ વખત સત્તા પર કબ્જો કર્યો છે. જયારે કોંગ્રેસને ૪ બેઠકો પર જીત મળી છે. મંત્રી કુંવરજી બાવળીયાના મતવિસ્તારમાં ભાજપની આ જીતને રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. જેના કારણે તેમના ગઢ ને વધુ મજબુતી મળી છે. આ સાથે જસદણ તાલુકામાં રાજકોટ જિલ્લા પંચાયતની ૫ બેઠકો આટકોટ, સાણથલી, ભાડલા, શીવરાજપુર અને કમળાપુરમાં ભાજપે જીત મેળવી છે. જયારે વિંછીયા તાલુકાની ૩ જિલ્લા પંચાયત બેઠકો વિંછીયા, પીપળી અને બદલી પણ ભાજપના ખાતામાં ગઈ છે, આ પરીણામો રાજયના ગ્રામ્ય રાજકારણમાં ભાજપના વધતા પ્રભુત્વને દર્શાવે છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભાજપનો ભવ્ય વિજયઃ જિલ્લા પંચાયતની ૨૮માંથી ૨૫ બેઠકો પર કબ્જો

### માણસા તાલુકા પંચાયતમાં ભાજપે ૨૪ બેઠકો જીતી ઈતિહાસ રચ્યોઃ કલોલ નગરપાલિકામાં ૩૬ બેઠકો સાથે ભાજપની સત્તા અકબંધઃ દહેગામમાં પણ કોંગ્રેસ પરાસ્ત ભાજપને મળી ૨૨ બેઠકો



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામોમાં ભારતીય જનતા પાર્ટીએ અભુતપૂર્વ વિજય હાંસલ કર્યો છે. જિલ્લાની તમામ મહત્વની સંસ્થાઓ જેવી કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભાજપનો ભગવો લહેરાયો છે. જયારે કોંગ્રેસના ગઢ ગણાતા વિસ્તારોમાં પણ ગાબડા પડયા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતીન કુલ ૨૮ બેઠકો માં થી ભાજપે ૨૫ બેઠકો પર કબ્જો જમાવ્યો છે. જયારે કોંગ્રેસ માત્ર ૩ બેઠકો પર સમેટાઈ ગઈ છે.

તાલુકા પંચાયતોમાં પણ સ્થિતિ સમાન રહી છે. માણસા તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માં થી ૨૪ ભાજપના ફાળે ગઈ છે. જયારે દહેગામ તાલુકા પંચાયતમાં ૨૮ માં થી ૨૨ બેઠકો સાથે ભાજપે બહુમતી મેળવી છે. કલોલ તાલુકા પંચાયતની ૨૨ બેઠકો પૈકી ૧૫ ભાજપ અને ૭ કોંગ્રેસે જીતી છે.

શહેરી વિસ્તારોમાં પણ ભાજપનો દબદબો યથાવત રહ્યો છે. કલોલ નગરપાલિકાની ૪૪ બેઠકોમાંથી ભાજપે ૩૬ બેઠકો જીતી ને વિરોધપક્ષને મોટો ફટકો આપ્યો છે. તેવી જ રીતે દહેગામ નગરપાલિકામાં પણ ૨૮ બેઠકોમાંથી ૧૭ બેઠકો ભાજપને અને ૧૧ બેઠકો કોંગ્રેસને મળી છે. આ ચુંટણીના પરીણામો દર્શાવે છે કે ગાંધીનગર જિલ્લામાં ભાજપે પાયાના સ્તરે સંગઠન મજબુત કર્યુ છે. નવા સીમાંકન અને જનતાના પ્રતિસાદને કારણે ભાજપ તમામ તાલુકા મથકો અને ગ્રામ્ય સ્તરે પણ વિજય બની છે. ગાંધીનગર જિલ્લો એ કેન્દ્રીય મંત્રી અમિત શાહનો સંસદીય મતવિસ્તાર કહેવાય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સતત મતવિસ્તારની મુલાકાતો અને સમસ્યાઓ માં જાગૃત રહેતા અમિત શાહ ની મહેનત ફળી છે.

### ટ્રમ્પની નાકાબંધીએ કર્યો ખેલ

## ઈરાન સામે મોટું સંકટ, ફક્ત ૨૨ દિવસ ચાલે એટલું જ ઓઈલ રિઝર્વ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હોર્મુઝ સ્ટ્રેટને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે મડાગાંઠ યથાવત છે. એક તરફ અમેરિકામાં ભારે મોંઘવારીનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ મિડલ ઈસ્ટ યુદ્ધ અને અમેરિકાના પ્રતિબંધો ઈરાન પર ભારે પડી રહ્યા છે.

ઈરાનના સંકટની તાજી તસવીર કેપ્લરના આંકડાઓ પરથી સ્પષ્ટ નજર આવી રહી છે. રિપોર્ટ પ્રમાણે ઈરાન પાસે હવે વણવપરાયેલા ક્રૂડ ઓઈલનો સ્ટોરેજ માત્ર ૨૨ દિવસ ચાલે કે તેથી ઓછું બચ્યું છે. જ્યારે બીજી તરફ દેશમાં ઓઈલ સ્ટોરેજ સાઈટ્સ પણ ઝડપથી ખતમ થઈ રહી છે.

એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈરાનનો ન વપરાયેલ ઓઈલ સંગ્રહ હવે માત્ર ૨૨ દિવસ કે તેથી ઓછા સમય ચાલે એટલો જ રહ્યો છે, જેને ઈરાન માટે એક મોટું સંકટ માનવામાં આવી રહ્યું છે. રિસર્ચ ફર્મ કેપ્લરના ડેટાના હવાલે તેમાં જણાવ્યું છે કે ઈરાનના ક્રૂડ ઓઈલ સ્ટોરેજ સાઈટ્સ ઝડપથી ખતમ, જેનાથી પ્રોડક્શનમાં ઘટાડાનો ખતરો વધી ગયો છે.

અહેવાલો પ્રમાણે ઈસ્લામિક રિપબ્લિક પાસે હવે આગામી ૧૨ થી ૨૨ દિવસ સુધી ચાલે તેટલું જ ઓઈલ રિઝર્વ છે. આવી સ્થિતિમાં જો અમેરિકા સાથે તણાવ વધશે, તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે. ન વપરાયેલ ક્રૂડ ઓઈલ સ્ટોરેજ ક્ષમતામાં આ ઘટાડાથી એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ઈરાનને મેના મધ્ય સુધીમાં દૈનિક ક્રૂડ ઓઈલ પ્રોડક્શન ૧.૫ મિલિયન બેરલ અને ઘટાડો કરવા માટે મજબૂર થઈ શકે છે. ઈરાન માટે આ એટલા માટે પણ ચિંતાનો વિષય છે કારણ કે ત્યાં પહેલાથી ૨.૫ મિલિયન બેરલ પ્રતિદિનનો ઘટાડો કરવામાં આવી ચૂક્યો છે. આટલું જ નહીં ઈરાની ક્રૂડ ઓઈલની નિકાસ પણ સતત ઘટી રહી છે અને હવે તે ઘટીને ૫૬૭,૦૦૦ **BPD** રહી ગયો છે, જે માર્ચમાં ૧.૮૫ મિલિયન **BPD** હતો. આ ઉપરાંત લોડિંગમાં લગભગ ૭૦% ટકાનો મોટો ઘટાડો નોંધવામાં આવ્યો છે. એકંદરે, અમેરિકા સાથેનું યુદ્ધ ઈરાનને ભારે પડી રહ્યું છે. એપ્રિલની શરૂઆતથી **Iran Crisis**માં વધારો થયો છે અને ઈરાની ક્રૂડ ઓઈલની નિકાસમાં તીવ્ર ઘટાડો થયો છે, જોકે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની બંદરો પર નેવલ નાકાબંધીનો આદેશ આપ્યો હતો, જે હજુ પણ અમલમાં છે. અમેરિકા-ઈરાન યુદ્ધ માત્ર ઈરાન પર જ નહીં પણ અમેરિકા પર પણ ભારે પડી રહ્યું છે.

## વિસાવદરમાં ઝાડુ ફરી વળ્યું : ગોપાલ ઈટાલીયાના ગઢ માં આમ આદમી પાર્ટીનો ભવ્ય વિજય




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં જુનાગઢ જિલ્લાની વિસાવદર તાલુકા પંચાયતના પરીણામોએ સૌનુ ધ્યાન ખેંચ્યુ છે. આમ આદમી પાર્ટી નેતા ગોપાલ ઈટાલીયાનો ગઢ ગણાતા વિસાવદરમાં ફરી એકવાર ઝાડુ ફરી વળ્યુ છે. તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકો પર રસાકસીભર્યો જંગ ખેલાયો હતો. જેમાં આમ આદમી પાર્ટીએ ૧૧ બેઠકો જીતી છે.

વિસાવદર તાલુકા પંચાયતના આંકડાકીય પરીણામો પર નજર કરીએ તો કુલ ૧૮ બેઠકોમાં થી આમ આદમી પાર્ટીએ ૧૧ બેઠકો પર જીત મેળવીને શાનદાર પ્રદર્શન કર્યુ છે. તેની સામે સત્તાધારી પક્ષ ભાજપ માત્ર ૬ બેઠકો પર અટકી ગઈ હતી. જયારે ૧ બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો હતો. મહત્વની વાત એ છે કે એક સમયે મજબુત ગણાતી કોંગ્રેસનુ અહીં ખાતુ પણ ખુલ્યુ નથી.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૨૮/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૦૨૦ | ૪૫૬.૦૦ | ૫૪૧.૦૦ |
| ૨ | એરંડા | ૩૯૮ | ૧,૨૬૨.૦૦ | ૧,૨૯૦.૦૦ |
| 3 | મકાઇ | ૭૪૦ | ૩૪૬.૦૦ | ૪૧૩.૦૦ |
| ૪ | ચણા | ૨૬ | ૧,૦૧૫.૦૦ | ૧,૦૫૩.૦૦ |
| ૫ | તમાકુ | ૫૨૭ | ૧,૪૧૦.૦૦ | ૧,૯૭૫.૦૦ |
| ૬ | તમાકુ (ગારીયુ) | ૩૨૩ | ૯૮૦.૦૦ | ૧,૩૨૫.૦૦ |
| ૭ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૮ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૮૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## વાયબ્રન્ટ ગુજરાતથી કોને કોને થયો લાભ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતમાં ભાજપની સરકારે ૧૨ વર્ષ ઉપરાંત ના ભરચક પ્રયાસો પછી ત્રણ પ્રકારની પ્રજા ઊભી કરી હોય એમ લાગે છે. પ્રજામાં આ જે નવો અને મજબૂત વર્ગ ઊભો થયો છે તેને ભાજપના ખાસ કરીને મોદીના ટેકેદાર થવાની ફરજ પડી છે.

જે પ્રથમ વર્ગ છે તે લાભાન્વિત બેનિફિશીયરી વર્ગ છે. લાભાન્વિત વર્ગ એટલે કે એવો વર્ગ કે જેને મોદી સરકારની નીતિઓને કારણે લાભ થયો છે. વડાપ્રધાને ઘણા બધા ઉત્સવો કર્યા. આ ઉત્સવોથી અનેક પ્રકારનું ઉત્પાદન થયું. મંડપવાળા, ખુરશીવાળા, કેટરર્સવાળા, લાઈટોવાળા, બાઈકવાળા, ટ્રાવેલ્સવાળા, પાથરણાવાળા વિગેરેને ખૂબ જ લાભ થયો. એ જ રીતે મોદી સરકારે ગુજરાત હાઉસિંગ બોર્ડ બંધ કરી દીધું એટલે મકાનો બાંધવાનું કામ માત્ર બિલ્ડરો પાસે જ રહ્યું અને એટલે જમીનો અને મકાનો ના ભાવ બિલ્ડરો આસમાને લઈ ગયા અને કરોડો રૂપિયાનો નફો તેમણે કર્યો. એને પરિણામે જમીન વેચનારાઓને લાભ થયો. કારણકે જમીનો **NA** (બિન ખેતી) થાય તે માટેના માર્ગો મોકળા કરવામાં આવ્યા. એટલે જેમણે મામૂલી ભાવ ની જમીનો ઊંચા ભાવે વેચી તેમને લાભ થયો અને જેઓ રોકાણ કરી શકે તેમણે રોકાણ કરીને તે વેચીને લાભ મેળવ્યો. આ રીતે લાખો-કરોડો રૂપિયા કમાનારા મોદીના ભક્ત થઈ જાય એ સ્વાભાવિક બાબત છે.

એ જ રીતે શિક્ષણ ક્ષેત્રે શાળાઓ અને કોલેજોના નામે હાટડીઓ ખોલવામાં આવી, કે જેને પરિણામે ખાનગી ટ્રસ્ટો ઊભા થયા અને તેમણે હજારો-લાખોમાં ફી લઈને તગડો નફો કર્યો. મોદી સરકારે ખૂબ જ ઓછી સરકારી શાળાઓ અને કોલેજો ખોલી અને ખોલી તો તેમાં ન શિક્ષકો હોય કે ન અધ્યાપકો. એટલે ગુણવત્તા ખૂબ જ ખરાબ. એમાં ગરીબ મા-બાપો પણ પોતાના છોકરા ના મોકલે. એટલે સ્વનિર્ભર શાળાઓ અને કોલેજોના ટ્રસ્ટોને ઘી -કેળા થયા. આવો વર્ગ આખા ગુજરાતમા ખૂબ મોટો છે. અને શિક્ષણને બજારની ચીજ બનાવનારાઓ મોદીની અને ભાજપની તરફેણ કરે એ સ્વાભાવિક છે.

અને આવો જ બીજો એક મોટો વર્ગ ઉદ્યોગપતિઓનો છે. તેમને સરકારે કરોડો રૂપિયાની જમીનો તદ્દન મામૂલી ભાવે કહો કે પાણીના ભાવે વેચી. એમ પણ કહી શકાય કે મોદી સરકારે ગુજરાતને જાણે કે વેચવા કાઢયુ હોય? ગૌચરની જમીનો, પડતર જમીનો અને ખરાબાની જમીનો તદ્દન મામુલી ભાવે ઉદ્યોગપતિઓને મળી, જે કદી તેમને ક્યાંય ભારતમાં મળી જ નથી. આવા ઉદ્યોગપતિઓ મોદીની વાહવાહ ના કરે તો જ નવાઈ. અને તેઓ એમ જ ઈચ્છે કે મોદી વડાપ્રધાન પદે વર્ષો સુધી રહે. કારણ કે તો જ તેમને સમગ્ર ભારતમાં આટલા ઓછા ભાવે જમીનો મળે. "વાઈબ્રન્ટ ગુજરાત" ની પરિષદો મોટેભાગે સરકાર ઉદ્યોગોને જમીનો સાવ સસ્તા ભાવે આપવા માટે તૈયાર છે એની ખાતરી આપવા માટે જ યોજવામાં આવતી હોય એમ હવે તો લાગી રહ્યું છે. ત્યારે સ્વાભાવિક છે કે ઉદ્યોગપતિઓ ભક્ત બની જાય એમાં નવાઈ શું?

આમાં પ્રજા બિચારીને તો કાનમાં વિકાસની ગાજરની પીપૂડી નો અવાજ સંભળાય અને ભોળી બિચારી પ્રજા વિકાસ,વિકાસ રમી રમીને પેટ ભરતી જાય.

### અમદાવાદની ૩ નગરપાલિકામાં પણ કમળ ખીલ્યું

## રાજકોટ કોર્પોરેશનમાં ભાજપને જંગી બહુમતી

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ

રાજકોટમાં ફરી 'કેસરીયો' પણ કોંગ્રેસના સુધારાએ વધાર્યું ટેન્શન, અમદાવાદની ૩ નગર પાલિકાઓમાં ભાજપનો દબદબો યથાવત પરંતુ કોંગ્રેસે આક્રામક પ્રદર્શન કર્યું. ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાના વિજય રથના ઘોડા વિનમાં જ જોવા મળ્યા છે. ખાસ કરીને મહાનગર પાલિકાઓ પર પોતાની પક્કડ યથાવત જ રાખી છે. રાજકોટ મનપા અને અમદાવાદ જિલ્લાની મહત્ત્વની નગરપાલિકાઓમાં ભાજપે ભવ્ય જીત મેળવી છે.

રાજકોટ મનપાઃ ભાજપનું શાસન યથાવત, કોંગ્રેસના ફાળે ૭ બેઠકો

રાજકોટ મહાનગરપાલિકામાં ભાજપે ફરી એકવાર સત્તા જાળવી રાખી છે. જો કે, આ વખતે ભાજપની બેઠકોમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે. ભાજપઃ ૬૫ બેઠકો પર જીત (ગત વખત કરતા ૩ બેઠક ઘટી).

કોંગ્રેસઃ ૭ બેઠકો પર વિજય.

રાજકોટમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે, પરંતુ વિપક્ષી છાવણીમાં થયેલો નજીવો સુધારો ભવિષ્ય માટે રાજકીય ચર્ચાનો વિષય બન્યો છે. મૃતપ્રાય થયેલી કોંગ્રેસમાં ફરી એકવાર જીવ પુરાયો હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

અમદાવાદ જિલ્લાની ૩ નગરપાલિકાઓમાં ભગવો લહેરાયો

અમદાવાદ જિલ્લાની ત્રણ મુખ્ય નગરપાલિકાઓમાં ભાજપનો પ્રચંડ વિજય થયો છેઃ

૧. ધોળકા નગરપાલિકાઃ

ધોળકામાં ભાજપે વિરોધીઓને ધોબીપછાડ આપી છે.

કુલ બેઠકોઃ ૩૬

ભાજપઃ ૩૧ બેઠકો (પ્રચંડ બહુમતી)

૨. વિરમગામ નગરપાલિકાઃ

વિરમગામમાં પણ ભાજપનો પરચમ લહેરાયો છે.

કુલ બેઠકોઃ ૩૬

ભાજપઃ ૨૬ બેઠકો

૩. બારેજા નગરપાલિકાઃ

બારેજામાં મુકાબલો રસપ્રદ રહ્યો હતો, પરંતુ અંતે ભાજપ બાજી મારી ગયું છે.

ભાજપઃ ૧૩ બેઠકો

અપક્ષઃ ૧૧ બેઠકો (અપક્ષોએ અહીં મોટું જોર બતાવ્યું છે)

પરિણામોનું તારણ

આ પરિણામો દર્શાવે છે કે, શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં હજુ પણ ભાજપનો ગઢ મજબૂત છે. અપક્ષો અને અન્ય પક્ષો કેટલીક બેઠકો પર ગાબડું પાડવામાં સફળ રહ્યા હોવા છતાં, સત્તાના સમીકરણોમાં ભાજપ સર્વોપરી રહ્યું છે.

## વલસાડ જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૨૭ બેઠકો જીતી

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

ઉમરગામ નગરપાલિકામાં ભાજપે ૧૯ બેઠકો જીતતા બહુમતી મેળવી છે, જ્યારે કોંગ્રેસને ૮ બેઠકો અને અપક્ષને ૧ બેઠક મળી છે. આ પરિણામથી નગરપાલિકામાં ભાજપનો દબદબો સ્પષ્ટ જોવા મળે છે.વલસાડ જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૨૭ બેઠકો જીતીને મજબૂત પકડ સ્થાપી છે. કોંગ્રેસને માત્ર ૨ બેઠકો મળી છે, જ્યારે અપક્ષને ૧ બેઠક પ્રાપ્ત થઈ છે. જિલ્લા સ્તરે ભાજપની આ જીત તેને વધુ સશક્ત બનાવે છે.

જિલ્લાની ૬ તાલુકા પંચાયતોની કુલ ૧૫૦ બેઠકોમાં પણ ભાજપનો જોરદાર પ્રભાવ રહ્યો છે. વલસાડ તાલુકા પંચાયતની ૩૨ બેઠકોમાંથી ભાજપે ૩૧ બેઠકો જીતતા લગભગ સંપૂર્ણ વિજય મેળવ્યો છે, જ્યારે કોંગ્રેસ ખાલીહાથ રહી છે અને અપક્ષને ૧ બેઠક મળી છે.

ધરમપુર તાલુકા પંચાયતમાં ભાજપને ૪ બેઠકો મળીઃધરમપુર તાલુકા પંચાયતમાં ભાજપને ૪ બેઠકો મળી છે, જ્યારે કોંગ્રેસે ૫ બેઠકો જીતીને આગળ રહી છે અને અપક્ષને ૧ બેઠક મળી છે. કપરાડા તાલુકા પંચાયતમાં ભાજપે ૧૧ બેઠકો જીતેલી છે, કોંગ્રેસને ૨ બેઠકો મળી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

આમ આદમી પાર્ટીએ ૧૮૫ થી વધુ બેઠકો પર મેળવી જીત તો એઆઈએમઆઈએમ એ ૧૮ બેઠકો પર મેળવી જીત

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામ ભાજપ માટે લપડાક સમાનઃ ભાજપે હરખાવવાની જરૂર નથી પરંતુ આત્મમંથન કરવાની છે જરૂર

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામો ભાજપ માટે લપડાક સમાન આવ્યા છે. કારણ કે કેટલીક તાલુકા પંચાયતો આમ આદમી પાર્ટીએ કબ્જે કરી લીધી છે. તો કેટલીક બેઠકોને એઆઈએમઆઈએમ એ કબ્જે કરી લેતા ભાજપ માટે ખતરાની ઘંટડી સમાન પરીણામો આવતા ભાજપ માટે ચેતવણી સમાન બની રહ્યા હોવાનુ ભાજપ ના નેતાઓ કરી રહ્યા છે અનુમાન.






ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ આગેકુચ કરી કેટલાક ભાજપના ગઢ માં ગાબડુ પાડયુ છે. આમ આદમી પાર્ટીએ જબરદસ્ત દેખાવો કર્યા છે. જેમાં ૧૮૫ થી વધુ બેઠકો પર ભવ્ય જીત મેળવી ગુજરાત આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ સૌને ચોકાવી દીધા છે. આમ આદમી પાર્ટીઓ વિજયરથ આગળ વધી રહ્યો છે. આ ચુંટણીમાં સૌથી મોટી ઉપલબ્ધિ એ રહી છે કે આમ આદમી પાર્ટી બગસરા, લાલપુર અને ગરૂડેશ્વર તાલુકા પંચાયત પર સંપૂર્ણ બહુમતી સાથે કબ્જો જમાવ્યો છે. આ ઉપરાંત વાલીયા અને ચીકદા તાલુકા પંચાયતમાં પણ આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ મોટી જીત નોંધાવી છે. ડેડીયાપાડા વિધાનસભા વિસ્તારમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ મજબુત પ્રદર્શન કરતા જિલ્લા પંચાયતની ૧ અને ૫ તાલુકા પંચાયત બેઠક પર મોટી જીત મેળવી છે. તો બીજી તરફ ખંભાળીયા નગરપાલિકામાં ૫ અને તાલુકા પંચાયતમાં ૨ બેઠકો પર આમ આદમી પાર્ટીના ઉમેદવારો વિજય થયા છે. ખંભાળીયા નગરપાલિકાના વોર્ડ નં. ૫ માં આખેઆખી પેનલ વિજેતા બની છે. ચુંટણીના પરીણામો પર એક રોમાંચક ઘટના પણ બની હતી. કેશોદ તાલુકા પંચાયતની મોટી ઘંસારી બેઠક પર ભાજપ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર વચ્ચે ટાઈ પડી હતી. આ સંજોગોમાં બંને વચ્ચે ચિઠ્ઠી ઉછાળવામાં આવતા નસીબે સાથ આપ્યો હતો. જેમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર યશવંતસિંહ રાયજાદા વિજેતા જાહેર થયા હતા.

આમ આદમી પાર્ટીના ગુજરાતમાં વિજેતા થયેલા ઉમેદવારોની યાદી તરફ નજર કરીએ તો (૧) બગસરા તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર દકુભાઈ ગાજીપરા જીત્યા (૨) નવી હડીયોલ તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટી ઉમેદવારની ૩૨૭ વોટ થી જીત (૩) ધારી નગરપાલિકાના વોર્ડ નં. ૧ પર ૪ માં થી ૩ ઉમેદવારો આમ આદમી પાર્ટીના વિજેતા બન્યા છે. (૪) ધારીની સુદાવડ તાલુકા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર રમીલાબેન ૨૨૪ મતોથી વિજેતા બન્યા (૫) ધારીની શાપર તાલુકા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર મુકતાબેન સુવાગીયા વિજેતા જાહેર થયા છે. (૬) દેવગામ તાલુકા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોગનભાઈ રમાણી ૪૦૦ મત થી વિજેતા બન્યા છે. (૭) બાંભડીયા તાલુકા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર દયાબેન ગજેરા ૩૪૫ મત થી વિજેતા જાહેર થયા છે.(૮) લુંધીયા તાલુકા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર ત્રુપેશ ભેંસાણીયા ૨૦૦ મત થી વિજેતા (૯) મુંજીયાસર મોટા તાલુકા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર રમેશભાઈ સતાસીયા વિજેતા

જયારે જુનાગઢ જિલ્લામાં આમ આદમી પાર્ટીના વિજેતા ઉમેદવારોની યાદી જોઈએ તો અમરાપુર તાલુકા પંચાયત બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર ૨૬૫ મત થી જીત, બરડીયા તાલુકા પંચાયત બેઠક પર ૪૪૦ મત થી આપ ના ઉમેદવાર વિજેતા. બીલખા તાલુકા પંચાયતની બંધાળા બેઠક પર ૧૦૧ મત થી આપ ઉમેદવાર વિજેતા, વિસાવદરની ડુંગરપુર જિલ્લા પંચાયત બેઠક પર આપ ઉમેદવાર વિજેતા, વિસાવદરની ભેંસાણ જિલ્લા પંચાયત બેઠક પર આપ ઉમેદવાર વિજેતા, વિસાવદરની મોટી મોણપરી જિલ્લા પંચાયત બેઠક પર આપ ઉમેદવાર વિજેતા, વિસાવદરની કાલસારી જિલ્લા પંચાયત બેઠક પર આપ ઉમેદવાર વિજેતા, માણાવદરની કાંઝા જિલ્લા પંચાયત બેઠક પર આપ ઉમેદવાર વિજેતા, માણાવદરની શાપુર તાલુકા પંચાયત બેઠક પર આપ ઉમેદવાર વિજેતા, જયારે સાબરકાંઠા જિલ્લા પંચાયતની પોશીના તાલુકા પંચાયતની એક બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવારની જીત

તો બીજી તરફ એઆઈએમઆઈએમના કચ્છ થી માંડી અરવલ્લી જિલ્લાના મોડાસા સુધી ઉમેદવારો વિજેતા બન્યા, કારણ કે એઆઈએમઆઈએમ ની કચ્છ જિલ્લામાં આ પ્રથમ વખતે સત્તાવાર એન્ટ્રી છે. ભુજ નગરપાલિકાના વોર્ડ નં. ૧ માં એઆઈએમઆઈએમ ના ૩ ઉમેદવારો જંગી બહુમતીથી વિજેતા જાહેર થયા છે. આ સિવાય એક બેઠક કોંગ્રેસના ફાળે ગઈ છે. આ જીત સાથે જ એઆઈએમઆઈએમ એ કચ્છની રાજનીતીમાં મજબુતીથી ઉભરી આવી રહી છે. આ સિવાય ભુજ નગરપાલિકાના વોર્ડ નં. ૧૦ માં પણ એઆઈએમઆઈએમ ૪ ઉમેદવારો જીતી ચુકયા છે. આ સિવાય પાટણ જિલ્લાના સિધ્ધપુર પંથકમાં પણ એઆઈએમઆઈએમ ના ઉમેદવારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારને હરાવ્યા છે. આ સાથે જ સિધ્ધપુર પંથકમાં પ્રથમવાર એઆઈએમઆઈએમ નુ ખાતુ ખુલ્યુ છે. આ ઉપરાંત અરવલ્લી જિલ્લાની મોડાસા નગરપાલિકાના વોર્ડ નં. ૮ માં પણ ૩ બેઠકો પર એઆઈએમઆઈએમ ના ઉમેદવારોએ કબ્જો જમાવ્યો છે. તો બીજી તરફ ભરૂચ વોર્ડ નં. ૧૦ માં પણ એઆઈએમઆઈએમ ના ૪ ઉમેદવારોની જીત થઈ ચુકી છે. જામનગરની સિકકા નગરપાલિકામાં પણ એઆઈએમઆઈએમ પાર્ટીની ૩ બેઠકો પર જીત થઈ છે. આમ અત્યાર સુધીની મતગણતરી પ્રમાણે અસદુદ્દીન ઓવૈસી ની પાર્ટીએ અત્યાર સુધીમાં સ્થાનિક સ્વરાજયના પરીણામમાં ૧૧ ઉમેદવારો જીતી ચુકયા છે. ભાજપનો ગઢ ગણાતા વિસ્તારમાં ઓવૈસીની પાર્ટીનો પગ પેસરો સ્પષ્ટ સંકેત આપે છે કે લઘુમતિ વિસ્તારોમાં મતદારોએ પારંપારીક પાર્ટીઓની જગ્યાએ અન્ય વિકલ્પો પર પસંદગીનો કળશ ઢોળી રહી છે. જે આવનારી વિધાનસભા ચુંટણી રસપ્રદ બનશે તે સ્પષ્ટ છે.

ઈન્ફ્રાના વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા

# ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકે દ્વારા વડોદરા – આણંદ – ગોધરા વિભાગનું નિરીક્ષણ



વડોદરા મંડળના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકે એ આજે વડોદરા – આણંદ – ગોધરા વિભાગનું નિરીક્ષણ કર્યું. તેમણે આ વિભાગના વિવિધ સ્ટેશનો પર ચાલી રહેલા ઈન્ફ્રા વિકાસ કાર્યોની સમીક્ષા કરી તથા સંબંધિત અધિકારીઓને આ કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપી.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર, શ્રી ભડકે એ ડિવિઝનના સિનિયર અધિકારીઓ સાથે કરચિયા યાર્ડનું વ્યાપક સુરક્ષા નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે બીટીપીએન વેગનોની ટોપ ફિટિંગમાં પ્રયુક્ત સામગ્રી તેમજ કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા વ્યક્તિગત સુરક્ષા સાધનો (PPE)નું અવલોકન કર્યું. તેમણે સુરક્ષા સાધનોનું સમયસર નવીનીકરણ તેમજ ખાસ કરીને ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને કર્મચારીઓ માટે પૂરતી ઓઆરએસ સુવિધા સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો. તેમણે આણંદ સ્ટેશન પર સિનિયર અધિકારીઓ સાથે સ્ટેશન અપગ્રેડેશન યોજનાની સમીક્ષા કરી. આ ઉપરાંત આણંદ – ગોધરા વિભાગમાં યાર્ડ મોડિફિકેશનના કાર્યોનું પણ નિરીક્ષણ કર્યું. તેમણે ઓડ અને ડાકોર સ્ટેશનો પર નવી લૂપ લાઇનના કમિશનિંગ કાર્યોની પ્રગતિનું પણ સિનિયર અધિકારીઓ સાથે મૂલ્યાંકન કર્યું.

ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ભડકે દ્વારા Gujarat State Electricity Corporation Limitedના વણકબોરી થર્મલ પાવર સ્ટેશન ખાતે ટીએસપીડબલ્યુ સાઈડિંગની મુલાકાત લેવામાં આવી. અહીં તેમને વેગન ટિપલરનું સંચાલન તથા કોલસા હેન્ડલિંગ પ્લાન્ટમાં વેગન ટિપ્લર-૧ થી ૫ ના ચાલી રહેલા નવીનીકરણ અને આધુનિકીકરણ કાર્યોની માહિતી મુખ્ય એન્જીનીયર શ્રી પી. બી. પટેલ દ્વારા આપવામાં આવી. આ દરમિયાન રાખ (Ash)ના ઉપયોગ અને વ્યવસ્થાપન અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી.

શ્રી ભડકે દ્વારા ગોધરા સ્ટેશનનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું અને અધિકારીઓને સ્વચ્છતા જાળવવા માટે સૂચના આપવામાં આવી. ચાંપાનેર રોડ સ્ટેશન પર તેમણે લોડિંગ અને અનલોડિંગ માટે બનાવવામાં આવી રહેલા ગુડ્સ પ્લેટફોર્મના કાર્યોની પ્રગતિ અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી માહિતી મેળવી. ડિવિઝનલ રેલવે મેનેજરે તમામ સંબંધિત અધિકારીઓને સુરક્ષા, ગુણવત્તા અને સમયબદ્ધતા સુનિશ્ચિત કરવા માટે સૂચનાઓ આપી, જેથી રેલવે સંચાલનને વધુ સુરક્ષિત અને કાર્યક્ષમ બનાવી શકાય.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ–પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ–પટના સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન નું વિવરણ નીચે મુજબ છે:

● ટ્રેન સંખ્યા ૦૯૪૪૭ અમદાવાદ–પટના સ્પેશિયલ, જે અગાઉ ૨૯ એપ્રિલ, ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૧૩ મે, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

● ટ્રેન સંખ્યા ૦૯૪૪૮ પટના–અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૦૧ મે, ૨૦૨૬ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૧૫ મે, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે. ટ્રેન સંખ્યા ૦૯૪૪૭ના વિસ્તૃત ફેરાઓ માટે બુકિંગ ૨૯-૦૪-૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા **IRCTC Rail Connect** એપ/વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના તથા સમય અંગે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને **National Train Enquiry System** પર મુલાકાત લઈ શકે છે.

# NHSRCL પરિયોજના ના કામ માટે બ્લૉકને કારણે અમદાવાદ મંડળની કેટલીક ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં **National High Speed Rail Corporation Limited (NHSRCL)** પરિયોજના હેઠળ કાંકરિયા અને મણીનગર સ્ટેશનો વચ્ચે પ્રીકાસ્ટ પોર્ટલ બીમ સ્થાપિત કરવા માટે તારીખ ૨૯ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ ટ્રાફિક બ્લૉક લેવામાં આવી રહ્યો છે. આ કામને લીધે કેટલીક ટ્રેનોનું સંચાલન પ્રભાવિત રહેશે. વિગતો નીચે પ્રમાણે છે :

રદ ટ્રેનો :

● ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી, તારીખ ૨૯.૦૪.૨૦૨૬ ના રોજ રદ રહેશે.

● ટ્રેન નંબર ૬૯૧૧૫ વડોદરા-વટવા મેમૂ, તારીખ ૨૯.૦૪.૨૦૨૬ ના રોજ રદ રહેશે.

● ટ્રેન નંબર ૬૯૧૦૨ વટવા-વડોદરા મેમૂ, તારીખ ૨૯.૦૪.૨૦૨૬ ના રોજ રદ રહેશે.

આંશિક રદ ટ્રેન :

● ટ્રેન નંબર ૧૯૦૩૩ વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન, તારીખ ૨૯.૦૪.૨૦૨૬ ના રોજ વડોદરા-અમદાવાદ વચ્ચે આંશિક રૂપે રદ રહેશે.

રી-શિડ્યુલ/રેગ્યુલેટ ટ્રેનો :

● ટ્રેન નંબર ૧૨૦૦૯ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ, તારીખ ૨૯.૦૪.૨૦૨૬ ના રોજ મુંબઈ સેન્ટ્રલથી પોતાના નિર્ધારિત સમયથી લગભગ ૧ કલાક મોડી પ્રસ્થાન કરશે.

● ટ્રેન નંબર ૧૯૪૮૪ સહરસા-અમદાવાદ એક્સપ્રેસ, તારીખ ૨૯.૦૪.૨૦૨૬ ના રોજ વડોદરાથી લગભગ ૧ કલાક ૪૦ મિનિટ રેગ્યુલેટ થશે.

● ટ્રેન નંબર ૧૨૮૩૪ હાવડા-અમદાવાદ એક્સપ્રેસ, તારીખ ૨૯.૦૪.૨૦૨૬ ના રોજ વડોદરા મંડળમાં લગભગ ૧ કલાક ૪૦ મિનિટ રેગ્યુલેટ થશે.

● ટ્રેન નંબર ૨૨૭૧૮ સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ, તારીખ ૨૯.૦૪.૨૦૨૬ ના રોજ વડોદરા મંડળમાં લગભગ ૪૫ મિનિટ રેગ્યુલેટ થશે. યાત્રીઓને વિનંતી છે કે તેઓ ટ્રેનોના સમય, રોકાણ અને અન્ય અદ્યતન માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ **www.enquiry.indianrail.gov.in** નું અવલોકન કરે.

ખાડીયામાં મતદાનના પાંચ દિવસ અગાઉ ભાજપે યોજેલી સભામાં હર્ષ સંઘવી હાજર રહ્યા હતા

# અમદાવાદના ખાડીયામાં સંઘવીએ કરેલી સભા ના વિસ્તારમાં પણ ભાજપના ગઢમાં કોંગ્રેસે ગાબડુ પાડયુ છેઃ ચારેય ઉમેદવારોનો ભવ્ય વિજય

પ્રતિનિધિ,ગાંધીનગર

મહાનગર પાલિકાની ચુંટણીના પરીણામોમાં આજે એક એવો ચમત્કાર જોવા મળ્યો છે કે જેની કલ્પના ખુદ ભાજપના દિગ્ગજોએ પણ નહી કરી હોય, જે ખાડીયા વિસ્તારમાં સંઘવીએ સભા યોજી હતી અને ભાજપનો અભેધ કિલ્લો માનવામાં આવતો હતો. ત્યા વરસો બાદ કોંગ્રેસે ઈતિહાસ રચી દીધો છે. વર્ષ ૧૯૭૨ પછી પહેલીવાર ખાડીયામાં કોંગ્રેસની આખી પેનલ વિજેતા જાહેર થઈ છે. ભાજપની સ્થાપના બાદ આ પ્રથમ એવી ઘટના છે કે ખાડીયાના ભાજપના તમામ ઉમેદવારોએ કારમી હારનો સામનો કરવો પડયો છે. ખાડીયાની જનતાએ પરીવર્તન પર મહોર મારતા કોંગ્રેસના આ ચારેય ઉમેદવારોને ભવ્ય વિજય અપાવ્યો છે. જેમાં મીના નાયક , બિર્જુબેન ઠકકર, ધ્રુવ કલાપી અને મહોમદ ઈલીયાસ પઠાણનો વિજય થયો છે. ભાજપના આ પરાજય પાછળ સ્થાનિક રોષ જવાબદાર માનવામાં આવે છે. પ્રથમ ખાડીયા બચાવો આંદોલનની અસર ખાડીયામાં જોવા મળી. ખાડીયાની ઐતિહાસિક પોળોમાં થઈ રહેલા આડેધડ કોર્મશીયલ બાંધકામો સામે સ્થાનિકોમાં ભારે નારાજગી હતી. આ મુદ્દે ખાડીયા બચાવો આંદોલન ચલાવતા આગેવાને અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. ભાજપે પૂર્વ ડે.મેયર જેવા દિગ્ગજોને મનાવવા મોકલ્યા હોવા છતાં સમાધાન ન થયુ જે અંતે ભાજપને ભારે પડયું, તો બીજી તરફ કોર્મશીયલ બાંધકામો વધવાને કારણે ખાડીયાના મુળ રહેવાસીઓ અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરી ગયા છે. એસઆઈઆર બાદ આશરે ૨૫ હજાર જેટલા મતદારોના નામ કમી થયા, જે હારનુ સૌથી મોટુ ટેકનીકલ કારણ સાબિત થયુ છે. ત્રીજુ ભાજપે રાષ્ટ્રીય મુદ્દાઓ અને વિકાસના નામે મત માગ્યા હતા. પરંતુ ખાડીયાની જનતા માટે હેરીટેજ મકાનોની જાળવણી અને આડેધડ બાંધકામો અટકાવવા એ પ્રાથમિક પ્રશ્ન હતો. કોંગ્રેસે જનતાની આ જ સંવેદનશીલ નસ પકડીને ભાજપના ગઢ માં ગાબડુ પાડયુ છે. આ પરીણામોએ સાબિત કર્યુ છે કે જયારે સ્થાનિક પ્રશ્નોની અવગણના થાય છે ત્યારે ગમે તેવો મજબુત ગઢ પણ સુરક્ષિત રહેતો નથી.




# ભાજપનો ગઢ અકબંધઃ ગુજરાતે ભાજપની વિકાસની રાજનીતી પર ભરોસો રાખી ખુબ મોટી જીત અપાવીઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવી પોતાનો રાજકીય ગઢ અકબંધ રાખ્યો છે. રાજયની તમામ ૧૫ મહાનગરપાલિકાઓમાં ભાજપે કલીન સ્વીપ કરીને શહેરી વિસ્તારોમાં પોતાની સર્વોપારીતા સાબિત કરી છે. આ ઉપરાંત જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોમાં પણ ભાજપનો દબદબો જોવા મળ્યો છે. જે પક્ષની સંગઠનાત્મક મજબુતાઈ અને પ્રજાનાવ વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.



આ પ્રચંડ વિજયની ઉજવણી માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કમલમ પહોચ્યા હતા. તેમની સાથે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને અન્ય પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. કમલમ ખાતે કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. જયાં નેતાઓનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. પક્ષના નેતાઓ આ જીતને ટ્રીપલ એન્જીન સરકારની કામગીરી અને ગુજરાતની પ્રજાના ભારતીય જનતા પાર્ટીમાં રહેલા વિશ્વાસનુ પરીણામ ગણાવી રહ્યા છે. ચુંટણીના પરીણામોનુ વિશ્લેષણ કરતા ભાજપે પોતાનો વિજયરથ કાયમ રાખ્યો છે. કેટલીક બેઠકો જેમ કે અમદાવાદ ની ખાડીયા અને સરસપુર બેઠક, ભાજપના હાથમાંથી ગઈ છે. પરંતુ પક્ષ તેને એક નાનકડા લોઢાના મેખ તરીકે ગણાવીને ભવિષ્યમાં તે મતદારોના દિલ જીતવાનો વિશ્વાસ વ્યકત કરે છે. સુરતમાં આમ આદમી પાર્ટીના પ્રદર્શન અંગે ભાજપના નેતાઓએ જણાવ્યુ હતુ કે ગુજરાતની જનતા શાંતિપ્રિય અને વિકાસપ્રિય છે અને અરાજકતાવાદી રાજનીતી ને સ્વીકારતી નથી. જેના કારણે આમ આદમી પાર્ટીને જનતાએ જાકારો આપ્યો છે. આ જીત ભાજપની સંગઠનાત્મક તાકાત, જીણવટભર્યુ આયોજન અને પ્રજા સંપર્કની કામગીરીનુ ફળ છે.

પક્ષના નેતાઓ દ્વારા મીટીંગો અને સતત પ્રયાસો દ્વારા આ વિજય પ્રાપ્ત થયો છે. મોડી સાંજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ પ્રમુખ વિશ્વકર્મા મીડીયા સાથે વાતચીત કરીને આ જીતનો શ્રેય કોને આપવો અને આગામી સમયમાં પક્ષની રણનીતી શું રહેશે તે અંગે સત્તાવાર પ્રતિક્રિયા આપશે તેવુ ટોચના નેતાઓએ જણાવ્યુ હતું.

કમલમ ખાતે ઉજવણીની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ચુકી છે. અને આ ઐતિહાસિક વિજયનો ઉત્સવ હજુ વધુ ધામધુમથી ઉજવાશે.

કમલમ ખાતે યોજાયેલી બેઠકમાં રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે ગુજરાતને બદનામ કરવા માટે કોઈ કસર છોડવામાં આવી ન હતી. પરંતુ રાજયના નાગરીકોએ સમજદારી દાખવી છે, યોગ્ય સમયે જનતાએ યોગ્ય જવાબ આપ્યો છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે પ્રદેશ નેતૃત્વ અને મુખ્યમંત્રીની આગેવાનીમાં આ ઐતિહાસિક જીત પ્રાપ્ત થઈ છે. ભાજપ ગુજરાતનુ સૌથી મોટુ પરીવાર છે અને રહેશે, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપને મળેલી ભવ્ય જીત બદલ જનતાનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતની જનતા વિકાસની રાજનીતી પર વિશ્વાસ રાખે છે. ભાજપના કાર્યકર્તાઓએ તડકો, છાંયડો જોયા વગર સમર્પણ અને સેવાભાવથી કામ કર્યુ છે. જેના પરીણામે આ જીત મળી છે.

તેમણે વિરોધ પક્ષો પર પ્રહાર કરતા કહ્યુ હતુ કે કોંગ્રેસ અને અન્ય પક્ષોએ ગુજરાતને વારંવાર બદનામ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ જનતાએ હંમેશા ભાજપ પર વિશ્વાસ મુકયો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ હતુ કે ભાજપની વિકાસની રાજનીતી પર વિશ્વાસ રાખી જનતાએ મોટી જીત અપાવી છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે દરેક પ્રશ્નનો જવાબ ચુંટણીના પરીણામમાં મળી ગયો છે.

ગુજરાતની જનતા નકારાત્મકતા સ્વીકારતી નથી. ભાજપના તમામ નેતાઓ અને કાર્યકર્તાઓએ ટીમ વર્ક થી કામ કર્યુ છે અને મળેલા જનસમર્થનને વધુ મજબુત બનાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ રહેશે.

ઈતિહાસમાં પહેલીવાર કોંગ્રેસ ૦ પર સમેટાઈ

# રાજપીપળા નગરપાલિકાની કુલ ૨૮ બેઠકો પર ભાજપે પ્રચંડ બહુમતી મેળવી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજપીપળા

રાજપીપળામાં ભાજપનો ઐતિહાસિક વિજયઃ કોંગ્રેસ-**AAP**ના સુપડા સાફ, આઝાદી પછી પ્રથમવાર કોંગ્રેસ 'ઝીરો' પર સમેટાઈ ગયા હતા. નર્મદા જિલ્લાના વડામથક રાજપીપળામાં ભાજપે જીતનો નવો ઈતિહાસ રચ્યો છે.

રાજપીપળા નગરપાલિકાની સ્થાપના બાદ આ ભાજપની અત્યાર સુધીની સૌથી મોટી અને ભવ્ય જીત માનવામાં આવી રહી છે.

નગરપાલિકામાં કેસરીયો માહોલ

રાજપીપળા નગરપાલિકાની કુલ ૨૮ બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં ભાજપે પ્રચંડ બહુમતી મેળવી છે.

કુલ બેઠકોઃ ૨૮

ભાજપઃ ૨૫ બેઠકો (૨ બિનહરીફ + ૨૩ જીતેલી બેઠકો)

અપક્ષઃ ૦૩ બેઠકો

કોંગ્રેસઃ ૦૦ બેઠક

**AAP**: ૦૦ બેઠક

રાજપીપળા નગરપાલિકામાં ભાજપની આંધી! ઈતિહાસમાં પહેલીવાર કોંગ્રેસ ૦ પર સમેટાઈ

કોંગ્રેસનો ગઢ ધરાશાયી

રાજપીપળાના રાજકીય ઈતિહાસમાં આ પ્રથમ એવી ઘટના છે જયારે કોંગ્રેસ ૦ પર સમેટાઈ ગઈ છે. એક સમયે મજબૂત ગણાતી કોંગ્રેસના તમામ ઉમેદવારોનો પરાજય થયો છે. તો બીજી તરફ આમ આદમી પાર્ટી (**AAP**) પણ અહીં પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહી છે.

વોર્ડ વાઈઝ વિજેતાઓની સ્થિતિ

રાજપીપળાના ૭ વોર્ડમાં ભાજપનો દબદબો જોવા મળ્યો છેઃ

વોર્ડ નં. ૧, ૨, ૫, ૬, ૭ઃ તમામ ૪-૪ બેઠકો પર ભાજપના ઉમેદવારોનો વિજય થયો છે.

વોર્ડ નં. ૪ઃ ભાજપે તમામ ૪ બેઠકો જીતી (જેમાં ૧ બેઠક બિનહરીફ હતી).

વોર્ડ નં. ૩ઃ આ વોર્ડમાં જંગ રસપ્રદ રહ્યો હતો, જેમાં ભાજપને ૧ બેઠક મળી છે જયારે ૩ બેઠકો અપક્ષના ફાળે ગઈ છે.

રાજપીપળા નગરપાલિકાની સ્થાપના બાદ ભાજપે મેળવેલી આ સૌથી મોટી જીત છે. આ જીત સાથે જ ભાજપે ફરી એકવાર સાબિત કર્યું છે કે આદિવાસી બહુલ જિલ્લાઓમાં પણ 'કમળ' મજબૂત પકડ ધરાવે છે.





# ૦૧, મે કામદાર દિવસની વર્ષો વરસ ઉજવણી પરંતુ કામદારોના હિતમાં કોઈ નિર્ણય લેવાય છે ખરો?: પ્રદેશ પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

૦૧ ,મે ગુજરાત સ્થાપના દિવસને કામદાર દિવસ તરીકે ઉજવવામાં આવી રહેલ છે. અને ગુજરાત સ્થાપના દિવસથી કામદાર દિવસ તરીકે મોટી-મોટી જાહેરાતો, મોટી-મોટી મીંટિંગો, અને પોતાના પાંચ કાર્યકરોને ભેગા કરી નેતાઓ પોતાનો અહમ સંતોષતા હોય છે.

કામદારોના હિત કરતા કામદારોના હિત વિરુધ્ધ કામગીરી વધુ થઈ રહેલી છે.કામદારો વિરુધ્ધ કેટલાક કાયદાઓ બહાર પાડી કામદારોને અન્યાય કરવામાં આવી રહેલ છે. કામદારોનું આર્થિક શોષણ, પાયાનો પ્રશ્ન છે. કામદારોના રહેઠાણ, સ્વચ્છ આવાસ જેવા પાયાના પ્રશ્નો અંગે કોઈ અવાજ ઉઠાવવા તૈયાર નથી. જે લોકો અવાજ ઉઠાવે છે તેનો અવાજ સરકારના બહેરા કાન સાંભળતા નથી. કામદારોના હિતમાં રોકવામાં આવેલા અધિકારીઓ તેઓની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ નીવડયા છે. કામદારોના હિતમાં તેઓ વધુ માં વધુ મજૂર અદાલતમાં કેસ મોકલી સંતોષ માને છે. પરંતુ અદાલતમાં ન્યાય મળશે જ એવી કોઈ ગેરેંટી આપી શકે નહી. કામદારોના બાકી પગાર, ચાલુ ફરજે ગેરકાયદેસર રીતે છૂટા કરવા, ગેરકાયદેસર લેબર પ્રેક્ટિસ જેવા કેસોમાં કામદારોને ન્યાયની કોઈ અપેક્ષા રહેતી નથી. છ મહિના, વર્ષમાં નિકાલ થાય તો કામદારને રાહત થાય. પરંતુ મજૂર અદાલતોમાં વર્ષો સુધી એક યા બીજા કારણોસર કેસ લંબાતા જાય છે. પછી ૧૦ વર્ષે કેસનો નિકાલ આવે ત્યારે કામદાર કામ-ધંધા વગરનો બેકાર અને આર્થિક રીતે ભાંગી પાડવાના કારણે માનસિક રીતે ભાંગી પડે છે. વર્ષોથી આ પ્રક્રિયામાં કોઈ ફેરફાર થતો નથી. ટૂંકમાં કામદારોનો ન્યાયમાં વિશ્વાસ રહેતો નથી. અને મોટા ભાગના કામદારો ન્યાય મેળવવા માટે ન્યાયાલય જવાને બદલે બિસ્તરા પોટલાં બાંધી તેઓના વતન જવાનું વધુ પસંદ કરે છે. આમ ૦૧,મે કામદાર દિવસ નામ પૂરતો જ રહેલ છે. કામદારો માટે સાચા અર્થમાં કામદાર દિવસ ઉજવવો ત્યારે જ સાર્થક ગણાય જ્યારે કામદારોનું આર્થિક શોષણ ગેરકાયદેસર રીતે છૂટા કરવા જેવી કામદાર વિરોધી પ્રવૃત્તિ બંધ થાય. કામદારોના હિતોની માત્ર ને માત્ર કાગળ ઉપર પોકળ વાતો કરવી જ્યારે જમીની સ્તર ઉપર કામદારોની સ્થિતિ કંઈક જુદી હકીકત દર્શાવતી હોય ત્યારે કામદારોના નામે વાતો કરવી કેટલી યોગ્ય છે? હાલ સ્થિતિ એવી છે કે કામદારોના નામે ના કોઈ આંદોલનો કરી શકાય? ના કોઈ આવેદન પત્ર આપી શકાય? કે ના કોઈ રજૂઆત કરી શકાય?ટૂંકમાં કામદાર તરફી કોઈપણ પ્રવૃત્તિને કડક હાથે દાબી દેવામાં આવતી હોય ત્યારે કામદાર દિવસ ઉજવવાનું કોઈ મહત્વ રહેતું નથી.

# સુરતમાં પાટીલના પડકાર સામે આમ આદમી પાર્ટી પરાજીતઃ ભાજપ ૧૨૦ માંથી ૧૧૫ બેઠક પર જીત્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપે ૧૨૦ માં થી ૧૧૫ બેઠકો જીતી છે અને ગત ચુંટણીમાં ૨૭ બેઠક મેળવનાર આમ આદમી પાર્ટી ફકત ૪ બેઠક અને કોંગ્રેસ ને ૧ બેઠક મળી છે.

રસપ્રદ બાબત એ છે કે ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે ચુંટણી સમયે જ આમ આદમી પાર્ટીને ફરી ૨૭ બેઠક જીતી બતાવવા પડકાર ફેંકયો હતો. જો કે આમ આદમી પાર્ટી દ્વારા તો સુરતમાં મેયર કોણ તે પણ નકકી કરી દેવાયુ હતું. પણ તેને ફકત એક વોર્ડ માં ૪ બેઠકમાં વિજય મળ્યો છે. કોંગ્રેસ ૨૦૨૧ માં એકપણ બેઠક જીતી શકી ન હતી તેણે હવે ખાતુ ખોલાવ્યુ છે અને એક બેઠક જીતી છે.



### ૩૬ બેઠકોમાંથી ૨૫ પર ભાજપનો કબ્જો અને ૧૧ કોંગ્રેસના ફાળે : આમ આદમી પાર્ટી અને અપક્ષના સુપડા સાફ

# મંત્રી ઈશ્વરસિંહ પટેલના અંકલેશ્વરમાં ફરી ખીલ્યુ કમળ : નગરપાલિકામાં ભાજપ નો ભવ્ય વિજય

પ્રતિનિધિ,ગાંધીનગર

મંત્રી ઈશ્વરસિંહ પટેલના વિસ્તાર અંકલેશ્વર નગરપાલિકાની સામાન્ય ચુંટણીના જંગ નુ ચિત્ર હવે સ્પષ્ટ થઈ ગયુ છે. સવાર થી શરૂ થયેલી મતગણતરીના અંતે નગરપાલિકામાં ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીએ સત્તાનુ સુકાન સંભાળ્યુ છે. ઈવીએમ ખુલતાની સાથે જ ભાજપ તરફી માહોલ જોવા મળ્યો હતો. જો કે કેટલીક બેઠકો પર કોંગ્રેસે ભાજપને કાંટાની ટકકર આપી સૌને ચોકાવી દીધા છે.

અંકલેશ્વર નગરપાલિકાના કુલ ૯ વોર્ડ ની ૩૬ બેઠકો માટે યોજાયેલી ચુંટણીમાં ભાજપે ૨૫ બેઠકો પર વિજય મેળવીને બહુમતી હાંસલ કરી છે. શહેરના વિકાસના નામે ભાજપે ફરી એકવાર જનતાનો વિશ્વાસ જીતવામાં સફળતા મેળવી છે. તો બીજી તરફ કોંગ્રેસે આ વખતે ગત ટર્મ કરતા સારો દેખાવ કર્યો છે અને ૧૧ બેઠકો પર જીત મેળવી મજબુત વિપક્ષ તરીકે ઉભરી આવી છે. આ ચુંટણીમાં સૌથી મોટો ઉલટફેર વોર્ડ નં. ૫ માં જોવા મળ્યો હતો. જયાં કોંગ્રેસના યુવા અને ઉત્સાહી ઉમેદવાર વિનય પટેલ સહિતની આખી પેનલે વિજય પતાકા લહેરાવી છે. વિનય પટેલની જીતે ભાજપના તમામ સમીકરણો અને ગણતરીઓને ઉંધી પાડી દીધી છે. યુવા નેતૃત્વ પર જનતાએ ભરોસો મુકતા ભાજપના ગઢમાં ગાબડુ પડયુ છે.

# મોરબી મહાનગરપાલિકાની તમામ બેઠકો પર ભાજપની જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

ગુજરાતમાં નવી મહાનગરપાલિકાઓની રચના થઈ, ત્યારે મોરબીને પણ મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ૨૬ એપ્રિલ ૨૦૨૬ ના રોજ જ્યારે સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ હતી, ત્યારે આ નવી મનપાના કુલ ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકો પર પણ મતદાન યોજાયું હતું. આજે (૨૮ એપ્રિલ) આ ચૂંટણીના પરિણામ જાહેર થયા છે, જેમાં ભાજપે તમામ ૫૨ બેઠકો પર ભવ્ય જીત મેળવીને ક્લીન સ્વીપ કર્યો છે. બીજી બાજુ, કોંગ્રેસ ખાતું ખોલાવ્યા વગર 'શૂન્ય' પર જ સમેટાઈ ગઈ છે.

નોંધનીય છે કે, મોરબી મહાનગરપાલિકામાં કુલ ૨,૦૮,૪૭૦ મતદારો નોંધાયેલા છે, જેમાં ૧,૦૮,૫૭૯ પુરુષ મતદારો અને ૯૯,૮૯૧ મહિલા મતદારો સામેલ છે.

બીજી બાજુ, કેટલા મતદારોએ મત આપ્યો હતો તે અંગે વાત કરીએ તો ૧૩૬,૮૬૮ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

# ભાભર નગરપાલિકાના કુલ ૬ વોર્ડ ની ૨૪ બેઠકો પર ભાજપનો ભગવો: ગેનીબેન ગઢ ન બચાવી શકયા

પ્રતિનિધિ,ગાંધીનગર

વાવ -થરાદ વિસ્તાર હેઠળ આવતી ભાભર નગરપાલિકાની ચુંટણીમાં આ વખતે ભાજપે ઐતિહાસિક જીત નોંધાવી છે. કુલ ૬ વોર્ડ ની ૨૪ બેઠકમાં ભાજપે સર્વસંમતિથી વિજય મેળવી કોંગ્રેસને સંપૂર્ણ રીતે પાછળ છોડી દીધી છે. સ્થાનિક રાજકીય પરીસ્થિતિમાં આ પરીણામને મોટા રાજકીય સંકેત તરીકે જોવામાં આવી રહ્યુ છે. કારણ કે આ વિસ્તાર કોંગ્રેસનો મજબુત ગઢ માનવામાં આવતો હતો.



કોંગ્રેસ સાંસદ ગેનીબેન ઠાકોરના વિસ્તારમાં કોંગ્રેસ પોતાનો પ્રભાવ જાળવી શકી નથી. ૬ વોર્ડ માં ભાજપની પેનલોએ એક તરફી જીત મેળવી જે સ્થાનિક મતદારોના સ્પષ્ટ વલણને દર્શાવે છે. ભાભર નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાતા પાર્ટીના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ભાભર નગરપાલિકા લાંબા સમયથી કોંગ્રેસ માટે મહત્વપૂર્ણ ગઢ માનવામાં આવતી હતી. ખાસ કરીને ગેનીબેન ઠાકોરના નેતૃત્વ છતાં આ વખતે મતદારોના વલણમાં સ્પષ્ટ ફેરફાર જોવા મળ્યો છે. સ્થાનિક મુદ્દાઓ, વિકાસના પ્રશ્નો અને સંગઠનાત્મક શકિત જેવા પરીબળોએ પરીણામ પર અસર કરી છે.

ભાજપે આ ચુંટણીમાં સંગઠનના સ્તરે મજબુત તૈયારી કરી હતી. ઘર ઘર સંપર્ક, મતદારો સાથે સીધી સંવાદીતતા અને સ્થાનિક વિકાસના વચનોને કારણે ભાજપે મતદારોનો વિશ્વાસ જીત્યો હોવાનુ માનવામાં આવે છે. તો બીજી તરફ કોંગ્રેસ તરફથી એક જુટતા અને વ્યુહ રચનાની અછત પણ પરીણામમાં પ્રતિબિંબિત થઈ હોવાની ચર્ચા છે. સ્થાનિક સ્તરે આ પરીણામ વિકાસની દિશામાં નવી ગતિ લાવશે કે નહી તે જોવાનુ રહેશે. તો બીજી તરફ કોંગ્રેસ માટે આ પરીણામ આત્મમંથન કરવાની તક સમાન છે. સ્થાનિક મતદારોમાં વિવિધ અભિપ્રાયો બહાર આવ્યા છે. કેટલાક મતદારો વિકાસ અને સુવિધાઓના મુદ્દે પરીવર્તન ઈચ્છતા હતા. જયારે કેટલાકે સંગઠનાત્મક મજબુતીને મહત્વ આપ્યું. આ પરીણામ દર્શાવે છે કે સ્થાનિક સ્તરે મતદારો હવે વધુ સ્પષ્ટ રીતે કાર્યક્ષમતા અને પરીણામ આધારીત રાજકારણ તરફ વળતા જઈ રહ્યા છે.

આગામી સમયમાં ભાભર નગરપાલિકામાં નવા બોર્ડ દ્વારા લેવામાં આવનાર નિર્ણયો મહત્વપૂર્ણ રહેશે.

# પોરબંદરમાં વનમંત્રી અર્જુન મોઢવાડીયાના ગામમાં ગાબડુ : આમ આદમી પાર્ટીના ઉમેદવારે જીતી બેઠક

પ્રતિનિધિ,ગાંધીનગર

પોરબંદર તાલુકા પંચાયતની ચુંટણીમાં કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયાના ગામમાં ગાબડુ પડયુ છે. ત્યારે આમ આદમી પાર્ટીએ મહત્વપૂર્ણ જીત નોંધાવી છે. મોઢવાડા ગામની બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર શાંતિબેન હિતેશભાઈ મોઢવાડીયાએ ૪૩ મતના અંતર થી વિજય મેળવી ભાજપને ઝકટો આપ્યો છે.




ખાસ વાત એ છે કે આ વિસ્તાર ભાજપ સરકારના કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયાના ગામ તરીકે ઓળખાય છે. જયાં આ પરીણામને રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યુ છે.

ભાજપના ગઢ માં આમ આદમી પાર્ટીની આ જીતને કારણે સ્થાનિક રાજકારણમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે. આ પરીણામ દર્શાવે છે કે ગ્રામ્ય વિસ્તારોમાં પણ આમ આદમી પાર્ટી પોતાની પકકડ મજબુત કરવાની દિશામાં આગળ વધી રહી છે. જયારે ભાજપ માટે આ પરીણામ ચિંતાનો વિષય બની શકે છે.

# મહિલા વેપારીને ધમકી આપનાર ભાઈ, બહેન વિરુદ્ધ ગુનો નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના રામોલ વિસ્તારમાં જનરલ સ્ટોર ચલાવતી મહિલા વેપારીની દુકાને બે મહિના અગાઉ યુવક આવ્યો અને ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરીને રોકડા રૂપિયા લઈ ગયો હતો. ત્યારબાદ ગત રવિવારની સાંજે પાછો યુવક મહિલાની દુકાને રોકડા રૂપિયા લેવા આવ્યો પરંતુ આ સમયે મહિલા પાસે રોકડા રૂપિયા નહીં હોવાથી યુવકને ઈનકાર કરી દીધો હતો. એટલે આરોપી યુવક ગુસ્સે થયો અને મહિલા વેપારી જોડે ઝઘડો કરવા લાગ્યો હતો. થોડીવાર બાદ આરોપીની બહેન આવી અને મહિલા વેપારીને ધમકાવવા લાગી હતી. સમગ્ર મામલે મહિલા વેપારીએ યુવક અને તેની બહેન સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.રામોલના ખાનવાડીમાં રહેતી ૩૯ વર્ષીય મહિલા જનરલ સ્ટોર ચલાવીને વેપાર ધંધો કરે છે. ગત ફેબ્રુઆરી માસમાં સાંજના સાતેક વાગ્યાની આસપાસ મહિલા તેની દુકાને હાજર હતી અને ત્યારે સતીશ કુશ્વાહ નામનો યુવક મહિલાની દુકાને આવ્યો અને કહેવા લાગ્યો કે હું ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરું છું. તમે મને રોકડા રૂપિયા આપો એટલે મહિલાએ રોકડા રૂપિયા આપી દીધા હતા. ત્યારબાદ ગત ૨૬ એપ્રિલના રોજ સાંજના સમયે ફરીથી આ સતીશ કુશ્વાહ આવ્યો અને ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરું છું અને મને રોકડા રૂપિયા આપો કહેતા વેપારી મહિલાએ હાલ મારી પાસે રોકડા રૂપિયા નથી કહેતા યુવક ગુસ્સે ભરાયો અને મહિલાને ગાળો બોલવા લાગ્યો હતો. એટલે મહિલાએ ગાળો નહીં બોલવાનું કહેતા આરોપી મહિલા વેપારી જોડે ઝઘડો કરવા લાગ્યો હતો. આ દરમિયાન નજીકમાં રહેતા રફીકભાઈ સુમરા આવ્યા અને મામલો થાળે પડાવ્યો હતો. તેની થોડીવાર બાદ સતીષ કુશ્વાહની બહેન તેના ભાઈનું ઉપરાણું લઈને મહિલાની દુકાને આવી ચઢી અને ઝઘડો કરવા લાગી કે તે મારા ભાઈને કેમ પૈસા આપ્યા નહીં મેં તેરે કો દેખ લૂંગી કહીને ધમકી આપીને જતી રહી હતી.


